# India-USA Consultations on UN Security Council Issues

# સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં મુદ્દાઓ પર ભારત-યુએસએનાં પરામર્શો

03 ઓગસ્ટ, 2022

ભારત અને યુએસએ દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અને અન્ય બહુપક્ષીય મુદ્દાઓ પર નવી દિલ્હીમાં 03 ઓગસ્ટ 2022 નાં રોજ પરામર્શો યોજવામાં આવ્યા હતા.

2. ભારતીય પ્રતિનિધિમંડળની આગેવાની વિદેશ મંત્રાલયનાં સંયુક્ત સચિવ (સંયુક્ત રાષ્ટ્ર-રાજકીય) શ્રી પ્રકાશ ગુપ્તા દ્વારા કરવામાં આવી હતી, જેમાં વિદેશ મંત્રાલયનાં અમેરિકા અને યુએનઈએસ વિભાગોનાં અધિકારીઓનો પણ સમાવેસ થયો હતો. યુએસ પ્રતિનિધિમંડળની આગેવાની ડીપાર્ટમેન્ટ ઑફ અમેરિકાનાં સ્ટેટ ફોર ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન અફેર્સનાં સહ સચિવ એમ્બેસેડર મિશેલ જે. સિસોન દ્વારા કરવામાં આવી હતી અને નવી દિલ્હીમાં યુએસ એમ્બેસીનાં અન્ય વરિષ્ઠ અધિકારીઓ સામેલ હતા.

3. ભારત-યુએસ વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીની સમરેખતામાં, બન્ને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં એજન્ડા પર વિવિધ વિષયો અને દેશ વિશિષ્ટ મુદ્દાઓ પર ઉંડાણપૂર્વક દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન કર્યું હતું. બન્ને પક્ષો આતંકવાદનો સામનો કરવાનાં અને સંયુક્ત રાષ્ટ્ર શાંતિસ્થાપના સહિત પરસ્પર હિતનાં મુદ્દાઓ પર તેઓનાં પ્રવર્તમાન સહકારને ચાલું રાખવા સંમત થયા હતા. આ ચર્ચાઓમાં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાનાં આગામી 77માં સત્ર દરમિયાન બન્ને પક્ષોની પ્રાથમિકતાઓને પણ આવરી લેવામાં આવી હતી, તે સાથે ભારતીય પક્ષે મુલાકાત લઈ રહેલા યુએસ પ્રતિનિધિમંડળને ડીસેમ્બર 2022 માં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદી આગામી અધ્યક્ષતા દરમિયાન તેની પ્રાથમિકતા વિશે અવગત પણ કરવામાં આવ્યા હતા.

4. સેન્ટર ફોર યુએન પીસકીપિંગ (CUNPK) નાં વરિષ્ઠ અધિકારીઓ દ્વારા પણ યુએસ પ્રતિનિધિમંડળને ભારત અને યુએસએ દ્વારા સંયુક્ત રીતે સમર્થન આપવામાં આવી રહેલા પ્રોગ્રામો સહિત, યુએન પીસકીપર્સ માટે CUNPK દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રવર્તમાન તાલીમ પ્રોગ્રામોની સંક્ષિપ્ત માહિતી આપવામાં આવી હતી.

**નવી દિલ્હી**
**03 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.